ॐ

॥ वीतरागाय नमः ॥

॥ परमोपकारी कहानगुरुदेवाय नमः ॥

॥ वन्दे भगवती मातरम् ॥

# મંગલ સમ્યક્વાણી

## ભાગ–૧

**(વિષયાનુસાર (Subjectwise) અક્ષરશઃ (word to word)**
**મુમુક્ષુઓ સાથે થયેલી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની તત્ત્વચર્ચા)**

## ટ્રેક નં. ૧ : માંગલિક

● **પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક :**

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.
ચત્તારિ મંગલમ્, અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્,
સાહૂ મંગલમ્, કેવલિપણત્તો ધમ્મો મંગલમ્.
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણતો ધમ્મો લોગુત્તમા.
ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરિહંતે શરણં પવ્વજ્જામિ,
સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ,
કેવલિપણતં ધમ્મં શરણં પવ્વજ્જામિ.
ચાર શરણ મંગલભૂત જે કરે, ભવસાગરથી તે તરે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષતણા સુખ લહે અનંત.
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મોક્ષે જાય,
સંસારમાંહી શરણ ચાર, અવર શરણ નહીં કોઈ,
જે નરનારી આદરે તેને અક્ષય અવિચલ પદ હોય,

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર,
શ્રી ગુરુ ગૌતમને સ્મરીએ તો, સદાય મનવાંછિત ફળ દાતાર.

❀ **પૂજ્ય બહેનશ્રીનું માંગલિક :**

✻ સ્તુતિ : અરિહંતો ભગવંત ઈન્દ્રમહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિશ્વરા,
આચાર્ય જિનશાસનોન્નોતિકરા, પૂજ્યા ઉપાધ્યાયકા,
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા.
પંચૈ તે પરમેષ્ઠીનઃ પ્રતિદિનં, કુર્વન્તુ ઓ મંગલમ્,

✻ 'મૈં હી પરમાત્મા હૂઁ' એમ અનુભવ કર. 'મૈં હી પરમાત્મા હૂઁ.' વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં, ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમોસરણમાં, લાખો કરોડો દેવોની હાજરીમાં ભગવાનની વાણીમાં આવ્યું કે 'તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર.' ઓહોહો! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો, એ પરમાત્મા છે એ નક્કી ક્યારે થશે કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્માનો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના, વ્યવહારનું નક્કી થશે નહીં.

❀ બહેનશ્રી :–ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં આવ્યું છે કે 'તું પરમાત્મા છો.' સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમોવસરણમાં, લાખો કરોડો દેવોની હાજરીમાં ભગવાને કહ્યું છે કે 'તું પરમાત્મા છો.' ભગવાન! તમે પરમાત્મા છો એમ તો નક્કી કરવા દ્યો. 'તું પરમાત્મા છો' એમ નક્કી કર્યા વગર આ પરમાત્મા ભગવાન એ તને નક્કી નહીં થાય. નિશ્ચય નક્કી થયા વગર વ્યવહાર નક્કી થશે નહીં.

✻ સ્તુતિ : પ્રથમ નમુ અરિહંતને, બીજા સિદ્ધ ભગવાન,
આચાર્ય ઉપાધ્યાયને નમી, નમુ સાધુ ભગવાન,
પૂજ્ય ગુરુદેવને નમી, નમુ ભગવતી માત.

✻ પ્રથમ જ વ્યવહારે પંચપરમેષ્ઠી ભગવંતો, દેવ-ગુરુ-શાસ્ત્ર અને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતાને અંતરમાં બિરાજમાન કરી અંતરના ભાવોથી વંદન કરીએ છીએ. નિશ્ચયથી શુદ્ધ આત્માને વંદન કરી આ સીડીની શરૂઆત કરતા હર્ષ અનુભવીએ છીએ. મહાવીર ભગવાનનું શાસન ભારતવર્ષમાં પ્રવર્તાવનાર વીતરાગ સર્વજ્ઞ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી ઘણા આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરનાર પૂજ્ય શ્રી કુંદકુંદ આચાર્યદેવ હતા. તેમના શાસ્ત્રોનું રહસ્ય ખોલનાર આ પંચમ કાળમાં જાગેલ બ્રહ્મચારી, ભડવીર, યુગપુરુષ, ભાવિ તીર્થંકર—એવા આપણા પૂજ્ય શ્રી કાનજીસ્વામી હતા. તેમના ભાવી મુખ્ય ગણધરનો જીવ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય શ્રી ચંપાબેનની તત્ત્વચર્ચા એટલે તો દિવ્યધારા, જ્ઞાનનો સાગર, અક્ષય ભંડાર. આ સીડી છે પૂજ્ય બહેનશ્રીની આવી તત્ત્વચર્ચાઓમાંથી ચૂંટી કાઢેલ કેટલાક રત્નોનો અમૂલ્ય ખજાનો. મુખ્ય મુખ્ય વિષયો સિદ્ધાંત અનુસાર લેવામાં આવ્યા છે. જો કોઈ પ્રશ્ન બે-ત્રણ વિષયને સ્પર્શતો હોય તો તેને મુખ્ય વિષયમાં લેવામાં આવ્યો છે. દરેક મુમુક્ષુને નમ્ર વિનંતી કે દરરોજ ઓછામાં ઓછા એક વિષયનું રસપાન અને તેનું ઘોલન કરે તથા સીડી આધ્યાત્મિક હોવાથી કોઈ પણ અશાતના ન થાય તેનું ધ્યાન રાખવા વિનંતી છે. આ સીડીમાંથી બને એટલો ડીસ્ટર્બિંગ નોઈસ કાઢવાની કોશિષ કરી છે. છતાં કોઈ ક્ષતિ રહી હોય તો ક્ષમા કરજો. આ સીડીમાં કેટલાક મુમુક્ષુ ભાઈ બહેનોએ તન મન ધનથી નિઃસ્વાર્થ ભાવનાથી સહયોગ આપેલ છે તેમના અમે ખૂબ આભારી છીએ. પૂજ્ય બહેનશ્રીના ભાવોને પકડવાની કોશિષ કરી સર્વ જીવો આત્મકલ્યાણ કરે એ જ ભાવના સાથે શરૂ કરીએ છીએ મંગલ સમ્યક્ વાણી. મંગલ સમ્યક્ વાણી.